Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૮૦ મું
અંક ૯
૧૫ જુલાઈ

અષાડ

વીર સં. ૨૪૯૦
વિ. સં. ૨૦૨૦
ઇ. સ. ૧૯૬૪

कम्मसंगेहिं सम्मूढा, दुक्खिया बहुवेयणा ।
अमाणुसासु जोणीसु, विणिहम्मन्ति पाणिणो ॥ ४ ॥

कम्माणं तु पहाणाए, आणुपुव्वी कयाइ उ ।
जीवा सोहिमणुप्पत्ता, आययन्ति मणुस्सयं ॥ ५ ॥

પાપોની સોબતને લીધે એટલે વારંવાર પાપમય પ્રવૃત્તિ કર્યા કરવાથી વિશેષ મૂઢ થયેલા, દુઃખી અને ઘણી વેદનાઓને ભોગવતા પ્રાણીઓ, મનુષ્ય સિવાયની બીજી વિવિધ યોનિમાં જન્મી જન્મીને વારંવાર હણાયા કરે છે–માર ખાધા કરે છે.

એ રીતે અનુક્રમે એકથી બીજી એવી વિવિધ યોનિઓમાં ભટકતાં અકામ-નિર્જરાને લીધે, જ્યારે પાપકર્મ ઓછા થાય છે ત્યારે આત્મા થોડો ઘણો શુદ્ધ–નિર્મળ–બને છે; અને એમ થવાથી કોઈકવાર આ પ્રાણી મનુષ્યયોનિમાં આવે છે.

—મહાવીર-વાણી

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા :: ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | રેશમનો કીડો .... .... | ( બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" | ૭૭ |
| ૨ | શ્રી વર્દ્ધમાન મહાવીર : લેખાંક ૫૮ .... .... | ( સ્વ. મૌક્તિક ) | ૭૮ |
| ૩ | ધર્માધર્મ વિવેક .... .... | ( બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" | ૮૨ |
| ૪ | ભાવના ચતુષ્ટય યાને 'પરિકમ' કિંવા 'બ્રહ્મવિહાર' સંબંધી સાહિત્ય | ( પ્રો. હીરાલાલ ર. કાપડિયા, એમ.એ. ) | ૮૫ |
| ૫ | આગમોની અદીર્ઘ રૂપરેખા ( લેખાંક : ૧ ) | ( નર્મદાશંકર શાસ્ત્રી ) | ટા. પેજ ૪ |


( ટાઈટલ પેજ ૪ થી શરૂ )

આચારની મુખ્યતા છે તેથી જ आचारः प्रथमो धर्मः કહેલ છે. पढमं नाणं तओ दया एवं चिट्ठइ सव्वसंजए। अण्णानी किं काही किं वा नाहिही छेयपावगं ॥ અર્થાત્ પહેલું જ્ઞાન અને પછી દયા એટલે કે જીવ-અજીવને જાણ્યા બાદ જીવનું રક્ષણ કરાય, તેથી દયા પાળવામાં પહેલા જ્ઞાનની વધારે આવશ્યકતા છે. આ પ્રમાણે વર્તવાથી સર્વ સંયમીઓ મોક્ષમાર્ગની આરાધના કરી શકે છે. જીવાદિ તત્ત્વોને નહિ જાણનાર અજ્ઞાની જીવ શું આત્મકલ્યાણ સાધી શકવાનો છે!

આથી મુનિવરોને પરમ ઉલ્લાસથી નિર્મળ સંયમની સાત્વિકી આરાધના કરવામાં આચાર એટલે ગ્રહણશિક્ષા અને આસેવના શિક્ષાને જાણવાની બહુ જ જરૂરિયાત જાણીને સૂત્રોની સ્થાપના કરવામાં ભગવંત શ્રી ગણધરે શ્રી આચારાંગને પ્રથમ સ્થાપ્યું. આ આચારાંગસૂત્રમાં છાપેલી પ્રત પ્રમાણે ૪૦૨ સૂત્રો છે. સૂત્રગાથા પ્રાયઃ ૧૪૭ છે. નિર્યુક્તિની ગાથા ૩૫૬ છે. શ્રી ભદ્રબાહુસ્વામિના નિર્યુક્તિની ૧૧ મી ગાથામાં કહેલાં વચનથી જણાય છે કે આ પહેલાં આચારાંગનું બીજું નામ વેદ છે અને સાતમી ગાથામાં આચાલ વગેરે બીજા નવ નામો આ અંગના જણાવ્યા છે. આ સૂત્રના બે શ્રુતસ્કંધો છે. શ્રુતસ્કંધ એટલે સૂત્રોનો સમુદાય. પહેલા શ્રુતસ્કંધનું નામ બ્રહ્મચર્ય અને બીજા શ્રુતસ્કંધનું નામ આચારાંગ છે. પહેલા શ્રુતસ્કંધના નવ અધ્યયનો છે, તેમાં સાતમા મહાપરિજ્ઞા નામના અધ્યયનનો વિચ્છેદ થયો છે. બીજા શ્રુતસ્કંધના સોળ અધ્યયનો છે. આમાં પહેલા સાત અધ્યયનોને પહેલી ચૂલિકા, આઠથી ચૌદ અધ્યયનોને બીજી ચૂલિકા, પંદરમા અધ્યયનને ત્રીજી અને સોળમા અધ્યયનને ચોથી ચૂલિકા કહેવામાં આવે છે.

પહેલા શ્રુતસ્કંધના નવ અધ્યયનોના નામ આ પ્રમાણે છે શસ્ત્રપરિજ્ઞાધ્યયન, લોકવિજય, શીતોષ્ણીય, સમ્યક્ત્વ, આવંતિ, ધુત અધ્યયન, મહાપરિજ્ઞાધ્યયન, વિમોહાધ્યયન અને ઉપધાન શ્રુતાધ્યયન. બીજા શ્રુતસ્કંધની પહેલી ચૂલિકામાં સાત અધ્યયનો છે જે આ પ્રમાણે છે. પિંડૈષણાધ્યયન, શય્યૈષણાધ્યયન, ઇર્યાધ્યયન, ભાષાધ્યયન, વસ્ત્રૈષણાધ્યયન, પાત્રૈષણાધ્યયન, અને અવગ્રહ પ્રતિમાધ્યયન.

બીજી સપ્તતિકાચૂલિકાના છ અધ્યયનો છે જેના નામ આ પ્રમાણે છે સ્થાન, નિષીધિકા, ઉચ્ચાર પ્રશ્રવણ, શબ્દ, રૂપ અને પરક્રિયા સપ્તૈકક અધ્યયન. ત્રીજી ભાવનાચૂલિકામાં અન્યોન્યક્રિયા સપ્તૈક અને ભાવના નામના બે અધ્યયનો છે જ્યારે ચોથી ચૂલિકામાં ફક્ત એક જ વિમુક્તિ અધ્યયન છે.

સંક્ષેપમાં, શ્રી આચારાંગસૂત્રમાં આચાર વર્ણવ્યો છે. ગોચર એટલે ગોચરી લેવાનો વિધિ; વિનયનું ફળ, કાયોત્સર્ગ કરવાનું. સૂવાનું, બેસવાનું સ્થાન, વિહારાદિ નિમિત્તે જવાનો વિધિ, શરીરનો થાક ઉતારવા બીજા સ્થાને જવારૂપ હલનચલનની વિધિ, આહાર, ઉપધિનું પ્રમાણ, સ્વાધ્યાયાદિ યોગમાં અન્ય સાધુ વગેરેને સ્મરણાદિ સાધનોથી જોડવાનો વિધિ, ભાષાસમિતિ, ગુપ્તિ, શય્યા, ઉપધિ, ભોજન, પાનને લેવામાં સંભવતા ઉદ્ગમ, ઉત્પાદના, એષણાના દોષોથી રહિત શુદ્ધ શય્યાદિને લેવાનો વિધિ, અપવાદનો વિધિ, વ્રત, નિયમ, તપ વગેરે યોગ્ય પ્રસંગને અનુસરીને વર્ણવેલ છે. વ્રત એટલે મૂળગુણ અને નિયમ એટલે ઉત્તરગુણ એમ સમજવાનું છે. આ સૂત્ર ગદ્ય–પદ્યાત્મક છે. શ્રી દશવૈકાલિક સૂત્રની રચના થયા પહેલાં આચારાંગમાં જે છ જીવ નિકાયાદિની વાત કહેલી છે, તેની માહિતી કરાવ્યા બાદ વડી દીક્ષા આપવાનો વ્યવહાર હતો. પણ શ્રી શય્યંભવસૂરિ મહારાજે પોતાના શિષ્ય મનકમુનિના કલ્યાણ નિમિત્તે આચારાંગાદિ સૂત્રોનો સાર લઇને શ્રી દશવૈકાલિક સૂત્રની રચના કરી ત્યારથી તેનું અધ્યયન કર્યા બાદ વડી દીક્ષા આપવાનો વ્યવહાર શરૂ થયો, જે આજે પણ ચાલુ છે. (ક્રમશઃ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૮૦ મું | અષાડ | વીર સં. ૨૪૯૦
અંક ૯ | | વિક્રમ સં. ૨૦૨૦

## રેશમનો કીડો

[ હરિગીત છંદ ]

(રેશમનો કીડો પોતાના અંગમાંથી તાંતણા કાઢી, પોતાનું જ અંગ તેથી જકડી નાંખે છે. તેમ માનવો પણ પોતે જ કરેલા કર્મથી પોતાને બાંધી નાંખે છે.)

રેશમતણો કીડો નિપાવે તંતુ મૃદુ નિજ અંગથી,
ને તે સુંવાળા તંતુથી વેષ્ટિત કરે તનુ ભાવથી;
નરમાશ ને વળી હુંફ સારી અનુભવે નિજ અંગમાં,
જાણે ન બંધન થઈ રહ્યું છે નિજતણા સ્વાતંત્ર્યમાં. ૧

માનવ અહો એવી જ રીતે કર્મનું બંધન કરે,
નિજને જ નિજના હાથથી બાંધી રહ્યો અનુભવ કરે;
અજ્ઞાનવશ મોહાંધ થઈને વિવિધ કર્મો આચરે,
હું શું કરૂ છું ક્યાં જઉ છું એહ ભૂલી સંચરે. ૨

જ્યારે જુએ છે અનુભવે છે હું જ બંધાઈ ગયો,
ક્ષણ મોહના દૃઢ પાશમાં સુખ માણતા પરવશ થયો;
થાએ પછી જાગૃત નિહાળી શું સ્થિતિ મારી થઈ,
બંધન ફગાવી હું દઉ કુણ માર્ગથી મતિ ક્યાં ગઈ! ૩

માથે દઈને હાથ રૂવે માનવો હા હા! કરે,
ત્યાં થાય પશ્ચાત્તાપ મોટો શાંતિ મનની સહુ હરે;
પણ તો એ મૂકે નહીં કુકર્મો થાય પરવશ મોહને,
રડતા ન છૂટે બંધનો જે હાથના કીધા મને. ૪

કીટક છતા એ બંધનો સહુ તોડવા તૈયાર છે,
જે મૃદુ સુંવાળા સુખદ હાથે નિર્મિયા જાણે છતે;
તડતડ કરી સહુ તંતુ તોડે જેહ વ્હાલા લાગતા,
પણ તે ફગાવે પ્રાપ્ત કરવા મુક્તિની સુખ સંપદા. ૫

માનવ કહાવે બુદ્ધિશાળી કેમ છતાં સહુ બંધનો,
પાકા કરે એ ફરી ફરીને નિબિડ અનુભવ એહવો;
આંખો છતાં થઈ અંધ પરવશ માર્ગ ન સુઝે એહને,
બે હાથ પગ હોવા છતાં પંગુ બન્યો છે નિજ મને. ૬

કૃમિ કીટકો જે વાપરે ચતુરાઈ મુક્તિ કારણે,
શું તેટલી પણ બુદ્ધિ નહીં છે માનવોના ચિત્તને?
સોચો અને અંતર તપાસો શાંતિથી નિજનું હવે,
શું રાખવા છે કર્મબંધો નિર્મિયા જે ભવભવે! ૭

રેશમતણો કૃમિ બંધ તોડે નિર્મિયા નિજ હાથના,
તિમ માનવે પણ કર્મબંધો તોડવા નિજ આત્મના;
જિમ કૃમિ પરાક્રમ વાપરીને મુક્ત સ્હેજે થાય છે,
બાલેન્દુ બોધે તિમ પરાક્રમથી જ મુક્ત થવાય છે. ૮

કવિ :
સાહિત્યચંદ્ર
બાલચંદ
હીરાચંદ
માલેગામ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વર્દ્ધમાન-મહાવીર

લેખાંક : ૫૯

લેખક : સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)

૧૦. વિનયપદ—નમ્રતામાંથી આ ગુણ જન્મે છે. યોગ્ય ને યોગ્ય માન આપવું. મોટા કે વડિલની મોટાઈને યોગ્ય તેની ભક્તિ કરવી અને તે ખરેખર મોટા છે એમ સાચી પ્રતીતિથી આ ગુણ પ્રાપ્ત થાય છે. એમાં ગુરુ કે ઉપકારકનો વિનય કરવાના પ્રસંગો આવે છે, જ્ઞાન, દર્શન, ચારિત્રનો વિનય કરવા ઉપરાંત મન, વચન, કાયાના યોગનો વિનય અને તેની શુભ પ્રવૃત્તિથી થાય છે અને સાતમા લોકોપચાર વિનયમાં શિસ્તનો આદર, ઊઠવા-બેસવા, બોલવા-વર્તવાની પદ્ધતિવાળી અનેક નાની મોટી પ્રવૃત્તિનો સમાવેશ થાય છે. દેશકાળ પ્રમાણે આ લોકોપચાર વિનયમાં ફેરફાર થાય છે. વિનયગુણનો સંબંધ અંદરના ગુણાનુરાગ અને શિસ્તપાલન સાથે છે. એમાં બાળ વૃદ્ધ ગ્લાન તપસ્વી ગુરુની સેવનાનો સમાવેશ થાય છે. એમાં નર્સીંગનો સમાવેશ થાય છે, એમાં સંઘ સેવા, સમાજ સેવા, સંસ્થાના સંચાલનનો સમાવેશ થાય છે અને એના અંતરમાં ગુણતા બહુમાનની હૃદયંગત ભાવનાને મુખ્યતા મળે છે. વિનયથી નિર્મળતા થાય છે, નિર્મળતાથી શુદ્ધિ થાય છે, શુદ્ધિથી ચારિત્ર વિકાસ થાય છે, ચારિત્ર વિકાસથી સાધ્ય તરફ પ્રગતિ થાય છે અને પ્રગતિથી સંસારથી મુક્તિ થાય છે. આ રીતે વિનયપદનો મહિમા મોટો છે.

૧૧. ચારિત્રપદ—સાધુના દશ યતિ ધર્મ, શ્રાવકનાં બારવ્રત, સાધુનાં પાંચ મહાવ્રત, ક્રિયા અને જ્ઞાનનો સહચાર, પડિલેહણની વિશુદ્ધિ, દોષરહિત આહાર, સામાયક ચતુર્વિંશતિ સ્તવ વંદન પડિક્કમણ કાયોત્સર્ગ પ્રત્યાખ્યાન એ છએ આવશ્યકનો આ ચારિત્રમાં સમાવેશ થાય છે. પ્રાણીના સમસ્ત વર્તનનો અહીં સમાવેશ થાય છે, તેમાં ચારિત્રને સદ્વર્તન સાથે સંબંધ છે. સારો વ્યવહાર, સત્યની ઉપાસના, પારકાના માલને ખાઈ ન જવાની ભાવના, કાળાં બજારને ઉત્તેજન ન આપવાની કે જાતે ન કરવાની ઈચ્છા એ એનો નકારાત્મક વિભાગ છે અને સ્થિરતા પૂર્વક રહેવું, આત્મચિંતવન કરવું, પરનિંદા કુથલીથી દૂર રહેવું અને મન પર સંપૂર્ણ કાબૂ રાખી મનને કોઈ પ્રકારની વિહ્વળતામાં પડવા ન દેવું એ ચારિત્રનો હકારાત્મક વિભાગ છે. કષાયને ઓળખવા, સંસાર-વૃક્ષનાં મૂળ કાપાયો છે, ત્રિકરણ શુદ્ધિને સમજવી એ ચારિત્રનું અંગ છે અને સરળતાથી, કુશળતાથી, પવિત્રતાથી સંસાર ચલાવવો એ પણ ચારિત્રનું જીવન છે. એમાં વિભાજનની અલ્પતા હોય, સાધ્ય તરફ પ્રયાણ હોય, વસ્તુની વસ્તુગત સાચી કિંમત હોય અને અંતરમાં પ્રસન્નતા હોય, એમાં પરિષહ ઉપસર્ગ તરફ ઉપેક્ષા હોય, એને સહન કરવામાં લ્હાવો મનાતો હોય, એમાં અંતર રમણતા તરફ રાગ હોય, એમાં સંસારથી સર્વથા મુક્તિનો આદર્શ હોય અને કરવી પડતી સંસાર સેવા તરફ ઉપેક્ષા વૃત્તિ હોય, આવું ચારિત્ર સાધ્ય અપાવે છે, એની સેવના કરવાના અસંખ્ય માર્ગો છે, એને ઓળખી પોતાને યોગ્ય માર્ગને સ્વીકારવો એ ચારિત્રપદની આરાધના છે.

૧૨. બ્રહ્મચર્ય—ચોથા સૂરિપદમાં વર્ણવેલ નવ વાડની બરાબર પાલના કરે, ભોગવિલાસને પૌદ્ગલિક ગણે, રાગ વચનને પણ કામનો વિભાગ કરે અને પોતાના આદર્શમાં મુનિમહંત સ્થૂલિભદ્રને અથવા વિજયશેઠ વિજયારાણીને રાખે એ બ્રહ્મચારીને બ્રહ્મચર્યને નમસ્કાર છે. 'નમો બંભચારિણં'નો મહિમા અનેરો છે, આંતરનો સ્પર્શ કરનાર છે અને મહાવ્રતમાં પ્રધાનસ્થાનને સ્વાભાવિક રીતે પ્રાપ્ત કરે છે. કામદેવ સંસારમાં રખડાવનાર છે, એને તો બેઠા બેઠા સ્મર્યો હોય તો પણ મહા ઉન્માદ નિઃસાસા અને અંતર તોફાન મચાવે છે. એમાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માનસિક કામનો પણ સમાવેશ થાય છે. સંસારમાં રખડપાટી કરાવનાર આ કામદેવ સ્ત્રી પુરુષને અંદર અંદર આકર્ષણ કરાવે છે, ન કરવા યોગ્ય ચાળા કરાવે છે, ન બોલવાનું બોલાવે છે અને દુનિયાની નજરે મોટા લાગતા માણસો પાસે પણ બાળચેષ્ટા કરાવે છે. ગૃહસ્થને સ્વદારા સંતોષમાં, વિધવા. વેશ્યા, પરસ્ત્રી, કુમારિકા, ત્યક્તા આદિનો સમાવેશ થાય છે. બ્રહ્મચારીને સર્વથા સ્ત્રીસંબંધ વિચાર ઉચ્ચારનો ત્યાગ છે. યોગનું મુખ્ય અંગ બ્રહ્મચર્ય છે. ચોથું મૈથુન વિરમણવ્રત આ પદને ઉદ્દેશે છે. પ્રગતિ કરવા ઇચ્છિનારે યોગમાં અતિ મહત્ત્વનું સ્થાન ધરાવનાર આ પદ ઉપર ખૂબ નિર્ભર થવાનું છે, એ પદ અધ્યાત્મનો સાર છે, ચારિત્રનો આધાર છે, અને સર્વવ્રતોનો શણગાર છે.

૧૩. **ક્રિયાપદ**—આઠમા પદમાં જ્ઞાનનો મહિમા છે તેટલો જ મહિમા ક્રિયાપદનો છે. એકલું જ્ઞાન અપંગ છે તેમ એકલી ક્રિયા અંધ છે. બન્નેનો સહયોગ પરિણામ લાવે છે. ક્રિયાનો મહિમા ઘણો છે. એને સમજી અંતે પ્રવૃત્તિ તો શુભ ધ્યાનમાં જવાની છે. નવાઈ લાગે તેવી પણ ખરી વાત છે કે ક્રિયામાં આખા ધ્યાનયોગનો સમાવેશ થઇ જાય છે. ધર્મધ્યાન અને શુકલધ્યાનને બરાબર ઓળખવા, એના ચારે પાસાને બરાબર જાણવા અને એમાં લય થઇ જવું અને તેની સાથે ચારે પ્રકારના આર્ત્તધ્યાન અને ચારે પ્રકારના રૌદ્રધ્યાનને પીછાની તેના પર કાબૂ મેળવવો એ ક્રિયા નામના તેરમા પદમાં કેન્દ્ર સ્થાને છે. આ ક્રિયા–પદમાં જાપનો, મુદ્રાનો, આસનનો અને પ્રાણાયમનો સમાવેશ થાય છે. ક્રિયામાં ઉદ્યત રહેતી વખતે એનો ઉદ્દેશ સાધ્ય તરફ પ્રગતિ કરવાનો હોય, એ ક્રિયા ખાતર ક્રિયા ન કરે, પણ સાધ્ય પ્રાપ્તિ માટે ક્રિયાને મુખ્ય સાધન ગણે અને સદૈવ જાગ્રત રહે. અને અંતે પિંડસ્થ પદસ્થભાવને ધ્યાવી શૈલેશીકરણે પહોંચે. આ આખા ક્રિયાયોગને હેતુ, રહસ્ય અને ઉદ્દેશ સાથે સમજવો એ ‘ નમો કિરિયાણં ’ પદનો મહિમા છે અને એમાં સમજી સાપેક્ષદૃષ્ટિએ લય થઈ જવું એ એ પદની સેવના છે. આમાં પચીશ ક્રિયાનો ત્યાગ, આશ્રવ પર અંકુશ અને જ્ઞાન સહિતની હેતુસરની ક્રિયાનો સ્વીકાર છે એ સમજી એ પદનું આરાધન કરવું.

૧૪. **તપ**-જૈનધર્મના નીતિ વિભાગ (Ethics) ની યોજના અહિંસા, સંયમ અને તપ પર થયેલી છે. તપ ત્યાગનો મહિમા મોટો છે, એની શરૂઆત દાનથી થાય છે. તે પંદરમા સ્થાનમાં આવનાર છે. તપ કરવાથી ઘસારો પડતો નથી. બાહ્ય તપમાં ઓછું ખાવું, ન ખાવું, વૃત્તિ પર કાબૂ રાખવો, રસ ત્યાગ કરવો અને કાયક્લેશ સહન કરવાની અથવા શરીરના અંગોપાંગ સંકોચવાની વાત આવે છે ત્યારે અભ્યંતર તપમાં પ્રાયશ્ચિય વિનય (પદ દશમું), વૈયાવચ્ચ (પદ સોળમું), અભ્યાસ, ધ્યાન (પદ તેરમું) કાયોત્સર્ગનો સમાવેશ થાય છે. આ તપ પદ ખૂબ વિચારવા જેવું છે. એની સમજણમાં આખા મુક્તિસાધન માર્ગમાં સરળતા થઇ જાય તેમ છે અને એના વિકાસમાં દુનિયાના ગુંચવળા પતી જાય તેમ છે. આપણે નંદન મુનિ (૨૬મો ભવ)નો તપ જોઇએ કે મહાવીરના ભવમાં ખૂદ પ્રભુનો તપ વિચારીએ, કોઇ પણ મહાત્માના પૂર્વભવો જોઇએ કે આદર્શજીવન જોઇએ તો તેમાં બાહ્ય કે અભ્યંતર તપને મુખ્યતા મળેલી દેખાશે એના પ્રકારમાં ભિન્નતા હશે, પણ તપ વગર કોઈ મોક્ષ ચાલ્યો જાય એવો દાખલો મળશે નહિ. આ અભ્યંતર તપને એટલું જ બલકે વધારે મહત્ત્વ અપાયેલું હોવાનું ધ્યાનમાં રહે તો તપનું આખું પદ તેના વિસ્તૃત મહિમા સાથે સમજાઈ જાય તેવું છે. તપમાં એના પ્રત્યેક વિભાગની અને પેટા વિભાગની વિવક્ષા કરી તેમાં પ્રાણી રત થઇ જાય, એ પદ પાછળ ગાંડો થઈ જાય એ આ પદની આસેવના છે. તપ પદ બીજાં અનેક પદો સાથે આવે છે, એના પેટામાં બીજાં અનેક પદો આવે છે તેમાં જરા પણ ગૂંચવાઇ જવા જેવું નથી, જે સ્થાને જેની મુખ્યતા કરવાની હોય તે તે સ્થાને બરાબર છે અને યોગ અભ્યાસ કે દવામાં પુનરાવૃત્તિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે પરસ્પર આક્રમણને અતિ વ્યાધિ દોષ ગણવામાં આવતો નથી. તપપદની આસેવનામાં બાહ્ય અને અભ્યંતર બન્ને તપોને પૂરતું સ્થાન છે બાહ્ય તપ કરતાં ધ્યાન રાખવું કે એ કરવા જતાં દુર્ધ્યાન ન થઈ જાય, મન વચન કાયાના યોગો ઢીલા ન પડે અને પાંચમાંની કોઈ પણ ઇન્દ્રિય ક્ષય હાનિ ન પામે. તપમાં નિયાણું ન કરવું જોઇએ. વિશ્વભૂતિ ( મહાવીરનો જીવ )એ જે ગફલતી કરી તેમ કરવાથી તપનું ફળ હારી જવાય છે. સમતા એ તપનું અંગ છે. તપ કરી ક્રોધ કરે તો અજીર્ણ થાય છે અને પારાવાર હાનિ થાય છે. ઇચ્છાનો રોધ એ તપ છે.

**૧૫. દાન**—પોતાની પાસે હોય તે અન્યને આપવું તેના મુખ્ય પાંચ પ્રકાર છેઃ અભય, સુપાત્ર, અનુકંપા, ઉચિત અને કીર્તિ પ્રથમના બે દાન બહુ શ્રેષ્ઠ છે. અભયદાનમાં જીવનો બચાવ થાય છે અને સુપાત્રદાનમાં યોગ્ય પાત્રને પ્રેમ, આહ્લાદપૂર્વક દાન અપાય છે. આ બન્ને દાનો પરંપરાએ સાધ્યે પહોંચાડે છે. કીર્તિદાનમાં વાહ વા બોલાય છે, અનુકંપા દાનમાં અંદરની કળકળ જામે છે અને ઉચિત દાનમાં વ્યવહાર પોષાય છે. તપ યોગની શરૂઆત દાનથી થાય છે આ દાનના પ્રકારોને સમજી યોગ્ય પ્રાણીને દાન આપવામાં પોતાની આવડત, શક્તિ, ધન, માલ, સમય વગેરેનો ઉપયોગ થાય, તેમાં પણ ચિત્ત વિત્ત અને પાત્રનો મેળ થઇ જાય ત્યારે દાન પરાકાષ્ઠાએ પહોંચે છે. દાન દેતી વખતે મનમાં જે આહ્લાદ થાય છે, જે ત્યાગ વૃત્તિ થાય છે, જે મૈત્રી કે વિશ્વબંધુતા જાગ્રત થાય છે તે પ્રાણીને સીધા રસ્તા પર રાખી શુદ્ધ માર્ગે પ્રગતિ કરાવે છે. કીર્તિ દાન કે ઉચિત દાન કાઢી નાખવા જેવું નથી, કારણ કે એમાં પણ ત્યાગનો ભાવ તો રહેલો જ છે, પણ અભયદાન કે સુપાત્રદાનની મહત્તા પ્રમાણમાં સવિશેષ છે. દાતા ધર્મને ઓળખી તેની પાછળ ઘેલા થઇ જવું એ આ પંદરમા પદનું આરાધન છે.

**૧૬. વૈયાવૃત્ય**—યોગ્ય પુરૂષોની આસેવના કરવી, તેમને તેમના કામમાં સહાય કરવી, તેમની સુખ સગવડ પર ધ્યાન આપવું, તેમને ભાતપાણી લાવી આપવાં વગેરે અનેક બાબતોનો સમાવેશ વૈયાવચ્ચમાં થાય છે. વૈયાવચ્ચ એ ત્રીજા પ્રકારનો અભ્યંતર તપ છે. એમાં ધર્મોપદેશક, ધર્મશિક્ષક, ત્યાગી, તપસ્વી, રોગી, વૃદ્ધ, સ્વધર્મી અને ધર્મમાં નવીન જોડાયલાની જરૂરીઆતનો વિચાર કરી તેમને ભક્તિપૂર્વક સેવવા, સંઘસમુદાયના સમુચ્ચયહિતને નજરમાં રાખી ધર્મશાળા, ઉપાશ્રય, આરોગ્યગૃહ, ઋગ્ણાલય ચલાવવાં વગેરેનો સમાવેશ થાય છે. એમાં ગુણ તરફનો પ્રેમ, દુઃખદર્દ તરફ સહાનુભૂતિ, ધર્મભાવના, મૈત્રી, પ્રમોદ આદિ અનેક આદર્શ ગુણોનો સમાવેશ થાય છે. અન્યની સેવા કરતાં, યોગ્યને યોગ્ય માન આપતાં, પોતાની શક્તિ પ્રમાણે બીજાને માન આપતાં પોતે ઘસાતો નથી, પણ ગુણની સેવના કરતાં ગુણવાન થઈ જાય છે. એમાં પૂજ્ય તરફ માન છે, દીન દુઃખી તરફ નજર છે, ગુણની પૂજા છે અને પોતાની જાતની ઉચિત નમ્રતા છે. આ વૈયાવચ્ચ-કરતાં સામાન્ય પ્રાણી પણ ઉચ્ચ દશાએ ચઢી જાય છે. વૈયાવચ્ચમાં સ્વધર્મ તરફ આકર્ષણ સ્વાભાવિક છે, પણ એમાં ધર્મનો પક્ષપાત નથી પણ ગુણની પૂજાનો મહિમા છે મનુષ્યોમાં વ્યાધિગ્રસ્ત માણસો માટે હોસ્પીટલ બંધાવી તેમની માવજત કરાય, તેમને માટે રાત દિવસની અણતરી વગર ઉપચાર કરાય, બદલાની કે માનની આકાંક્ષા વગર તેમને ચોળવા ચાંપવા કે મલમપટ્ટા કરવાના કામમાં લાગી જવાય એવી અનેક નાની મોટી બાબતોનો સમાવેશ થાય છે. આ ચૌદમા તપપદનો વિભાગ છે, પણ સકારણ એની સ્પષ્ટ વિવક્ષા કરવા માટે એને અલગ પદ આપ્યું હોય એમ જણાય છે.

**૧૭. સંયમ-સમાધિપદ**—આમાં અન્ય પ્રાણીઓના દુઃખદર્દ જોઇ તેને શાંતિ થાય તેવા પ્રસંગો ચીવટ રાખી યોજી આપવા, કોઇ ગુણથી પડતો હોય તો તેને સમજાવી વારી પ્રેરણા કરી સ્થિર કરવો અને ત્રીજી કરુણા ભાવનાનો બરાબર અમલ કરવો એ મુખ્ય વાત સમાધિ પદમાં આવે. સંયમની નજરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોઈએ તો પોતાના વિષય કષાયો પર અંકુશ લાવવાની વાતને મુખ્યતા છે. મન, વચન, કાયાના યોગોને પણ અંકુશમાં રાખવા, કષાયના પ્રસંગો સામે આવે ત્યારે મન પર કાબૂ રાખી એને વશ ન થવું અને સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને ધ્વનિમાં રાગપૂર્વકની લીનતા થવા ન દેવી એ સંયમના માર્ગો છે. દ્રવ્ય-સુખને માટે પ્રાણી તપ-સંયમ આદરે તો દેવગતિનાં સુખ પામે, ધન પામે રાજ પામે કે સાંસારિક સુખ પામે, પણ ચિત્ત સમાધિપૂર્વક સંયમ રાખે તો એનાથી શિવસુખ મળે. એ અનંત, અવિભક્ત, અવ્યાબાધ અને નિર્મળ હોઇ સાચું સુખ છે. પોતાની જાત પર સંયમ રાખી જે પ્રાણી પરને સમાધિ ઉપજાવે છે તેને જાતે સમાધિનું સુખ અનુભવવાનું મળે છે, અને એ સુખ આંતરિક હોઇ અતિ વિશિષ્ટ છે, અનિર્વચનીય છે. આવી સમાધિ ઉપજાવનાર અને અનુભવનાર મહા ચિંતનશાળી સ્વધર્મી સંઘ કે સમાજની નિરપેક્ષ ભાવે સમાધિ ઉપજાવવા સારૂં સેવા કરે એમાં અને વૈયાવૃત્ત (૧૬ મા) પદમાં ફેર એટલો જ છે કે સોળમા પદમાં સેવાભાવને મુખ્યતા છે ત્યારે આ સત્તરમાં પદમાં પરને અને સ્વને શાતા-સમાધિ ઉપજાવવાની ઉપર નજર મુખ્યતાએ હોય છે. પરિણામે બન્નેમાં અન્યને સુખ થાય છે, દૃષ્ટિબિન્દુમાં જ માત્ર ફેર છે.

**૧૮. અભિનવ શ્રુત-જ્ઞાન**—દરરોજ નવું નવું ભણવું, જ્ઞાનમાં પ્રગતિ કરવી એ અભિનવ જ્ઞાનપદ છે. આજે સંમતિ તર્કનો અભ્યાસ કરે, તો તો પુરૂં થતાં કર્મગ્રંથ આદરે, નયનિક્ષેપનો અભ્યાસ કરે સપ્તભંગીનો અભ્યાસ કરે અભ્યાસ કરવાને અંગે જરાપણ પ્રમાદ ન કરે. એને ભણવામાં ખૂબ મજા આવે, એ અભ્યાસમાં ઓતપ્રોત થઈ જાય. એ જાણે કે અજ્ઞાની જે કર્મક્ષય કરોડો વર્ષે કરી શકે છે તે નવું નવું ભણનાર અને ભણીને સમજનાર અને સમજીને તે પ્રમાણે વર્તનાર પ્રાણી એક ક્ષણવારમાં કરી શકે છે. તત્ત્વશ્રદ્ધાન કરાવનાર, ધર્મમાં સ્થિર રાખનાર અને ચેતનજીને રસ્તે રાખનાર અભિનવ જ્ઞાનનો મહિમા વર્ણવવો મુશ્કેલ છે. જ્ઞાન એ તો ખરેખરો પ્રકાશ છે, ઝળહળતો સૂર્ય છે, ગૂંચવણુ કાઢનાર મહાન દિવ્યશક્તિ છે. એ અભિનવ જ્ઞાનની આરાધના સાચી દૃષ્ટિથી કરવામાં આવે તો સાચી પ્રવૃત્તિના માર્ગો મળી જાય છે અને નકામા ધમપછાડા અને શક્તિના દુર્વ્યયનો છેડો આવે છે. જ્ઞાનમાં અભિનવતા લાવનારની આવડત ઉપર કોને એ પદમાં ગણવું એનો નિર્ણય કરી શકાય છે. સાપેક્ષદૃષ્ટિ સમજનાર સમ્યગ્દૃષ્ટિ અભિનવ જ્ઞાનમાં ધર્મગ્રંથોથી માંડી વિજ્ઞાન સાહિત્ય ગણિત કે ઇતિહાસ ચરિત્ર કથા અને નીતિના વિષયોને મળી અંદર દાખલ કરી શકે છે-એમાં દૃષ્ટિની વિશાળતા, નિર્મળતા, પૃથક્કરણતા અને સાપેક્ષતા ઉપર આધાર રહે છે. અભિનવજ્ઞાન એ ખરેખર પ્રકાશ છે, દીવો છે, માર્ગદર્શન કરાવનાર જ્યોતિપુંજ છે. એમાં તત્ત્વચિંતનની લય લાગે છે, લાંબો કાળ સરખો જાય છતાં અભિનવતા લાગે છે અને ક્ષણે ક્ષણે જે નવતા પામે તે રમણીય સ્વરૂપ હોઈ ખૂબ આકર્ષક બને છે. આવા અભિનવજ્ઞાનની પૂજા એટલે એનો અનન્ય ચિત્તે અભ્યાસ, બુદ્ધિના આઠ ગુણનો આદર અને એની ચૌદ આશાતનાનો ત્યાગ જરૂરી છે આ પદને અભ્યાસક બરાબર જાણી સમજી શકે.

**૧૯. શ્રુતપદ**—અભિનવશ્રુત અને શ્રુતમાં ભેદ પાડવો મુશ્કેલ છે. જ્ઞાનદૃષ્ટિએ શ્રુતપદમાં ચારે અનુયોગનો સમાવેશ થાય છે. દ્રવ્યયોગમાં નવ તત્ત્વ, સાત નય, ચાર નિક્ષેપ, પાંચ કારણ, આત્મવિચાર નિગોદ, મોક્ષસ્વરૂપ અને ષડ્દ્રવ્યની હકીકત આવે, પુણ્ય પાપ નિર્જરાની વિચારણા થાય, મોક્ષનો પરિચય આવે અને સ્યાદ્વાદ-અનેકાંતવાદને ઓળખાય. ચરણકરણાનુયોગમાં નીતિવિભાગ વર્તનના માર્ગો પાપસ્થાનો, આશ્રવો, ક્રિયાઓ, સંવરના પ્રકાર અને આવશ્યક વગેરે સાધન ધર્મોનો સમાવેશ થાય, એમાં સાધુના દશ યતિધર્મો શ્રાવકના વ્રતો ઉપરાંત નીતિ સદાચાર, સત્ય, શીલ, અનુકંપાદાન, શીલ, ભાવના વગેરે માર્ગ પ્રાપ્તિનાં સાધનોનો સમાવેશ કરાય, અને જ્ઞાનક્રિયાનો સહભાવ ઉપયુક્ત થાય. કથાનુયોગમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્માધર્મ વિવેક

લેખક–સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ

ધર્મ એટલે શું અને અધર્મ કોને કહેવાય એનો પરમાર્થ આપણે સમજતા નહીં હોઇએ તો જેને સામાન્ય રીતે આપણે ધર્મ ગણતા હોઇએ છીએ તે પણ અધર્મરૂપ થઈ જવાનો ! એટલા માટે જ આપણે ધર્મ અને અધર્મનો ભેદ અને તેનો હેતુ સમજી લેવો જોઇએ.

કોઈ એવો પ્રશ્ન કરે કે, આપણે ધર્મ શા માટે આચરવો જોઇએ ? અને ધર્મ નહીં આચરવાથી આપણું શું બગડી જવાનું છે ? પ્રશ્ન તદ્દન સરળ છે. એના જવાબમાં આપણે એ ધ્યાનમાં રાખવાનું છે કે, આપણે જાગતા કે ઉંઘતા, દિવસમાં કે રાત્રિમાં, જાણતા કે અજાણતા કર્મ તો કરતાજ રહીએ છીએ. ક્ષણવાર પણ નિષ્ક્રિય આપણે રહી શકતા નથી. તેને લીધે આપણા મન ઉપર અને અનુક્રમે આત્મા ઉપર કાંઇ ને કાંઇ પરિણામ તો થતો જ રહે છે. તેને લીધે આપણો આત્મા જે સચ્ચિદાનંદમય જ્ઞાનસ્વરૂપ શુદ્ધબુદ્ધ છે તેના સ્વરૂપ ઉપર કાંઈ ને કાંઈ આવરણ આવતું જ રહે છે. અને એનું શુદ્ધ સ્વરૂપ ઢંકાઇ જાય છે અને એને લીધે આત્માનું સાચુ સ્વરૂપ આવરાઇ જાય છે, અને અજ્ઞાન તેમજ અવિદ્યાનું આવરણ ગાઢું થતું જ રહે છે. એ આવરણ કે ઢાંકપીછોડો ટાળવો હોય અને આપણો આત્મા એના મૂળ શુદ્ધ સ્વરૂપમાં નિહાળવો હોય તો આપણે ધર્મની આચરણા કરવી જ પડશે.

ધર્માચરણામાં આપણે આપણું મન નિર્વિકાર કરી જોડી શકતા ન હોઇએ ત્યાંસુધી આપણી બાહ્ય જણાતી ધર્મક્રિયા એ જડ યંત્રવત્ થતી શુષ્ક ક્રિયા જ રહેશે. એવી શૂન્ય હૃદયની ધર્મક્રિયા જે નિષ્ફળ જવાની છે એમાં શંકા નથી. અમે આગળ વધી એમ પણ કહેવા માગીએ છીએ કે, એવી ક્રિયામાં અહંકાર, ઈર્ષ્યા કે અદેખાઇનું ઝેર મિશ્રણ થતા એ જ ક્રિયા અધર્મરૂપ થઈ જવાની ! એટલા માટે જ ધર્મક્રિયા કરતી વખતે તેમાના ઝીણામાં ઝીણા દોષો શોધી તે દૂર કરવા જોઇએ.

જે કર્મને લીધે આપણા આત્માના ગુણો રૂંધાઈ અને ઢંકાઈ જાય એવા કર્મો અધર્મના જ ગણાય. અને જે કર્મથી આપણા કર્મબંધનો અને આવરણો દૂર થતા હોય, અગર છેવટમાં આછાપાતળા થતા હોય એવા કર્મને આપણે ધર્મ ગણવો જોઇએ. દાખલા તરીકે સત્ય એ ધર્મ છે. અને અસત્ય એ અધર્મ છે. સત્ય બોલવાથી આપણા આત્માને મલિનતા નથી આવતી. તેમજ કોઈનું નુકસાન કરવાનો હેતુ પણ તેમાં હોતો નથી. તેને લીધે અજ્ઞાનને કે અવિદ્યાને જરા જેવું પણ ઉત્તેજન મળતું નથી. તે માટે જ તેને ધર્મ કહી શકાય.

---

( શ્રી વર્ધમાન–મહાવીર )

સારા ખરાબ, સંસ્કારી અસંસ્કારી, આરાધક વિરાધકના દાખલાઓ આવે અને ગણિતાનુયોગમાં ગણતરી, હિસાબ, વર્ગ, ઘન, આંકડા, માપ વગેરે આવે. આવા ચારે પ્રકારના અનુયોગને ભાવશ્રુત કહેવામાં આવે. અક્ષરજ્ઞાન વાંચન, લેખન ને દ્રવ્યશ્રુત કહેવામાં આવે છે. ૧૮ મા પદમાં મતિ અને શ્રુત બન્ને જ્ઞાનનું આરાધન આવે, જ્યારે મુખ્યતા મતિજ્ઞાનને હોય ત્યારે આ ઓગણીશમા પદમાં મુખ્યતા બીજા શ્રુતજ્ઞાનની હોય, વીશ સ્થાનકમાં 'જ્ઞાન'ને બે સ્થાનો મળે છે એ ઘણું સૂચક છે. અભ્યાસની વાત બન્ને પદમાં અતિ આવશ્યક છે, જ્ઞાન તરફની ઉપેક્ષા કે અનપેક્ષા બન્નેમાં અનિવાર્ય છે અને જ્ઞાન તરફ ભક્તિ અને આશાતના ત્યાગ બન્નેમાં સામાન્ય છે. આ શ્રુત જ્ઞાનના અંગ અભ્યાસી જ્ઞાન સાથે ઓતપ્રોત થઈ આત્મગુણને ચેતનને પોતાને સ્વગુણમાં લઈ આવી અજવાળે છે. (ચાલુ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારે આપણે આપણા જરા જેવા લાભને માટે આપણે અસત્ય બોલીએ છીએ ત્યારે એ અસત્યનો ડંખ થોડો ઘણો તો આપણે અનુભવીએ છીએ જ. કારણ એ સત્ય ઢાંકવા માટે બીજા અનેકજાતના ઢાંકપિછોડા અને અસત્ય કાર્યો શોધવા પડે છે. એ બધી ખટપટ એક અસત્ય છુપાવવા માટે કરવી પડે ત્યારે એથી આપણા આત્માના આવરણો વધે અને અનેક જાતના નવા બંધનો સ્વયંમેવ આવી ઉભા રહે તે માટે જ અસત્યને અધર્મ કે પાપ કહેવાય છે. આપણા આત્મા ઉપર અનંતકાળથી આવી પડેલા બંધનો અને આવરણો આપણને હંમેશ અવળે માર્ગ તાણી જાય છે. એવે પ્રસંગે આપણું ભાન ભૂલાઇ જાય છે. અને ક્ષણિક અલ્પ લાભને માટે આપણે અધર્મની આચરણા કરતા શરમાતા નથી. અસત્ય અને પાપ કે અધર્મનું કેવું ઘોર પરિણામ !

પરોપકાર કરવો એ ધર્મ છે. અને પરપીડા એ અધર્મ છે. શા માટે ? પરોપકારમાં ત્યાગ અને સંયમ કેળવાય છે. આખરે આપણો આત્મા મુક્ત થવાનો હોય તો તે સર્વસ્વ ત્યાગથી જ થવાનો છે. એ સારી પેઠે સમજી રાખવું જોઇએ. થોડો પણ પરોપકાર આપણા હાથે થાય તો એ આત્માને ઉંચે ચઢાવવાનું પ્રથમ પગથિયું છે. પરોપકારમાં કોઇનું કાંઈ લેવાનું નથી હોતું. ઉલટું કાંઇને કાંઈ આપવાનું જ હોય છે. અને એને લીધે આત્માને જે સાત્વિક આનંદ મળે છે તેથી આત્માના આવરણો આછાપાતળા થવામાં કાંઈ ને કાંઈ મદદ જ થાય છે. માટે જ પરોપકારને ધર્મ કહે છે. તેથી ઉલટુ પરપીડાને પાપ ગણવામાં આવે એમાં આશ્ચર્ય નથી. કારણ પારકાને પીડા આપવાથી એક નવો શત્રુ આપણે ઉત્પન્ન કરીએ છીએ. ભલે અત્યારે જ એ આપણું કાંઇ બગાડી શકતો નહીં હોય, પણ દ્વેષ અને અદેખાઇની ગાંઠ કે બંધન તો પડી જવાનું. કાલાંતરે તેનો પરિપાક થઈ એ પાપનો બદલો આપણે આપ્યા વગર ચુકવાનો નથી. માટે જ પરપીડા એ અધર્મ અને પાપ ગણાય છે.

એજ પ્રમાણે પુરૂષાર્થ એ ધર્મ માનવાનો છે અને બીકણપણું એ અધર્મ ગણાય. જે માણસ પોતાનું આત્મવીર્ય ફોરવી પરાક્રમ કરી બતાવે છે, અને પોતાના કાર્યમાં યશસ્વી થાય છે અને પોતાના કાર્યથી યશ મેળવી જાય છે તે માણસ સાચો ધર્મ આચરે છે એમ ગણવામાં હરકત નથી. કારણ બીકણ અને વેવલા માણસો સારા કાર્યમાં, હીંમત જ બતાવી શકતા નથી. તેઓ તો વિચારસાંને વિચારમાં વખત ખોઇ બેસે છે. અને હિંમત હારી કાર્ય કરી શકતા નથી. તે માટે જ બીકણપણું એ અધર્મ ગણાય છે. બીકણ માણસ પહેલાથી આ કાર્ય પોતાથી થશે કે કેમ તેની શંકા કરે છે અને કદાચ આપણે કાર્ય કરવા બેસીશું તો તેમાં યશ મળશે કે કેમ એવા કલ્પનાના ઘોડા દોડાવવા માંડે છે. તેમજ આપણા માટે બીજાઓ શું કહેશે એની ચિંતા રાખતો રહે છે. તેમજ લોકો નિંદા કરશે કે કેમ એવી બીક રાખે છે. અને એ રીતે એ શુભ કાર્ય કરતા અચકાય છે તેથી જ એ અધર્મ ગણાય છે. પરાક્રમી માણસ પોતાનો પુરૂષાર્થ ફોરવતા એવા નિર્માલ્ય વિચારો મનમાં પણ આવવા દેતો નથી. તેથી જ એ ધર્મ ગણાય છે. અત્યાર સુધી જે જે પ્રાતઃસ્મરણીય યુગપુરૂષો થઈ ગયા છે તેમનું ચરિત્ર તપાસતા આવુ જ સાહસ અને પુરૂષાર્થ એમણે પ્રગટ કર્યો છે એ જોવામાં આવે છે.

જેમ પુરૂષાર્થ ધર્મ ગણાય છે તેમજ પ્રેમ એ પણ ધર્મ ગણાય. પ્રેમ જુદી જુદી પરિસ્થિતિમાં જુદા જુદા નામો ધારણ કરે છે, તો પણ એ બધી અવસ્થામાં એક જ ભાવના અનુસ્યુત હોય છે એ ભૂલવું નહી જોઇએ. પિતા પુત્ર માટે અગર ગુરૂ શિષ્ય માટે જે ભાવના ધરાવે છે તેને વાત્સલ્ય કહે છે તેમ મિત્રો આપસમાં જે પ્રેમ રાખે છે તેને સ્નેહનું નામ અપાય છે. પતિપત્ની આપસમાં પ્રેમ કરે છે ત્યારે પુત્ર પિતા માટે અને શિષ્ય ગુરૂ માટે તેમજ ભક્ત પોતાના દેવ માટે ભક્તિ દાખવે છે. શિષ્ય જ્યારે ગુરૂના ચરણમાં પોતાનું બધુ જ અર્પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફરી પોતે ગુરૂની આજ્ઞા વિચારમાં નહીં ફસાતા જેવાને તેવા જ રૂપમાં માન્ય રાખે છે. એવાજ શિષ્યો ગુરૂની પવિત્ર પદવીના અધિકારી બની શકે છે. આ બધું પ્રેમ નિરપેક્ષ અને સ્વાર્થના અંશ વગરતું હોય છે એટલે એને ધર્મ ગણવામાં આવે છે અને એની સામે દ્વેષ એ અધર્મ મનાય છે પ્રેમથી મિત્રો જોડાય છે. ત્યાર દ્વેષથી શત્રુઓ જોડાય છે. ત્યારે દ્વેષને અધર્મ કહેવામાં કોઈજાતની હરકત નથી.

મનુષ્યને ધર્મની આવશ્યકતા એના પોતાના ઉદ્ધાર માટે છે. કારણ ધર્માચરણ વિના એનો આ સંસારના ગૂઢ ચક્રમાંથી છુટકારો બીજા કોઈ માર્ગે થઈ શકે તેમ નથી. પણ ધર્મની આચરણામાં પહેલી શર્ત છે કે, એને પોતાના આત્મા ઉપર અને પરમાત્મા ઉપર સંપૂર્ણ વિશ્વાસ હોવો જોઈએ. અર્થાત્ દેવ ગુરૂ અને ધર્મ ઉપર વિશ્વાસ અને શ્રદ્ધા હોવા વિના કોઈ પણ ક્રિયા ફલીભૂત થવાની નથી. એનો અર્થ એ થયો કે એને સમ્યક્ત્વની ખાસ આવશ્યકતા છે. જેની દેવ ગુરૂ અને ધર્મ ઉપર પોતાની શ્રદ્ધા જ ન હોય તો તેની ગમે તેવી ધર્મક્રિયા વ્યર્થ જ જવાની! માટે જ શ્રદ્ધા એ ધર્મ કહેવો જોઈએ. અને તેથી ઉલટી જે અશ્રદ્ધા કે અવિશ્વાસ એ અધર્મ જાણવો જોઈએ. અનેક ધર્મી ગણાવનારા મહાત્માઓની શ્રદ્ધા કેવળ લોકરંજન માટે કે દેખાદેખી આંધળી હોય છે. એમના મનની જોડે એ શ્રદ્ધાનો સીધો સંબંધ હોતો નથી. એવા મહાનુભાવો મોઢે સમકીતની અને શ્રદ્ધાની ભલે વાત કરતા હોય પણ એમાં ઋજુતા સરળતા કે મક્કમતાનો અંશ સરખો પણ હોતો નથી. જરા જેવા ઐહિક લાભની વાત ઉભી થતા એવા ડગુમગુ માનવો પોતે ઉચરેલી દેવગુરૂ ધર્મની શ્રદ્ધા ઉંચે મુકી દેવા તૈયાર થાય છે. એને સમકીતીની વિરલ પદવી શી રીતે આપી શકાય? અર્થાત્ એ બધો અધર્મ જ ગણી શકાય! 'પ્રાણ જાય પણ વચન ન જાય' એવી અડગ શ્રદ્ધા હોય તો જ તેને ધર્મ કહી શકાય.

જેને જ્ઞાનીઓની દૃષ્ટિ મળી હોય, અર્થાત્ આખા વિશ્વને એક સંઘ આત્માની જ પ્રતિતિ થતી હોય એટલે કૃમિકીટકોથી લગાવી મનુષ્ય પંચેદ્રિયમાં રહેલો આત્મા સંપૂર્ણ જ્ઞાનનો ધણી છે. એમાં વિકાસની દૃષ્ટિએ તરતમ ભાવ ભલે રહેલો હોય, પણ એક વખત એવો આવશે કે, એ બધા મુક્તિના અધિકારી બની જશે. એટલું જ નહીં પણ કદાચ આપણા કરતા એ કૃમીકીટક ગણાતો આત્મા વહેલો સંસાર તરી જશે એવી શ્રદ્ધા અને ભાવનાથી વિશ્વ તરફ એકતાની દૃષ્ટિથી જોવુ એ ધર્મ ગણાય છે. પણ આપણે ઉંચે ચઢેલા છીએ. અન્ય બધાઓ નીચા છે એમ ભેદ દૃષ્ટિ રાખી ફૂલાતા રહેવું એ અધર્મ છે. આપણી દૃષ્ટિ બીજાઓ માટે કરૂણા અને મધ્યસ્થની હોય તો જ એ સાચી અને કાર્યક્ષમ દૃષ્ટિ હોઈ શકે. અન્યથા નહીં.

એ ઉપરથી સ્પષ્ટ અનુભવ થાય છે કે, આપણી ધર્મ અને અધર્મ સમજી લેવાની ભાવનામાં ઘણા મોટા વિવેકની આવશ્યકતા છે. ફક્ત ઉપલક વિચાર કરી ગમે તેને ધર્મ કહી દેવો અને ગમે તેને અધર્મની ઉપમા આપવી એમાં આપણે ભીંત ભુલવાનો સંભવ રહેલો છે. ધર્માધર્મ વિવેક માટે આટલું લખાણ એક સૂચક માર્ગદર્શક જેટલું છે. જ્ઞાની વિવેકી એ ઉપરથી ઘણી સમસ્યાઓનો ઉકેલ મેળવી શકશે એવી અમોને ખાત્રી છે. બધાઓનું ભલુ થાય એવી ભાવના સાથે વિરમિએ છીએ

## સભાસદોને સૂચના

બહારગામના લાઈફ મેમ્બરોમાંથી કેટલાંએક બંધુઓએ પોસ્ટેજ મોકલીને **ભારતીય દર્શનની** રૂપરેખા નામનું પુસ્તક (સં. ૨૦૨૦ની સાલનું) ભેટ તરીકે પોસ્ટેજના ૩૦ નયા પૈસા મોકલી મંગાવી લીધું છે. હજુ જેઓએ ન મંગાવ્યું હોય તેઓએ જલ્દીથી મંગાવી લેવા તસ્દી લેશો.

**—જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભાવના ચતુષ્ટય યાને 'પરિકર્મ' કિંવા 'બ્રહ્મવિહાર' સંબંધી સાહિત્ય

પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

જૈન દર્શન પ્રમાણે આકાશ અનંત છે અને એના બે વિભાગ પડાય છેઃ (૧) લોકાકાશ અને (૨) અલોકાકાશ છે. અલોકાકાશમાં કેવળ આકાશ છે, જ્યારે લોકાકાશમાં આકાશ ઉપરાંત જીવો, પુદ્‌ગલો વગેરે પદાર્થો છે. સંસારી જીવો તેમ જ સિદ્ધ પરમાત્માઓ પણ લોકાકાશમાં જ રહે છે. સંસારી જીવોને આત્મકલ્યાણ સાધવાનું હોય છે જ્યારે સિદ્ધ પરમાત્માઓને તેમ કરવાનું હોતું નથી. આત્મકલ્યાણ સાધનારે સ્વ પરને હાનિ ન પહોંચે તેવી તકેદારી રાખવી ઘટે હિંસા, અસત્ય, ચૌર્ય, અબ્રહ્મ અને પરિગ્રહના સર્વાંશે વિરમણરૂપ મહાવ્રતોના—સાર્વભૌમ મહાવ્રતોના પાલન અર્થે—એની સ્થિરતા માટે જાતજાતની પ્રવૃત્તિઓ આદરવી ઘટે—વિશિષ્ટ પ્રકારની ભાવનાઓ ભાવવી જોઇએ. આવી ભાવનાઓ પચ્ચીસ હોવાનું સમવાય( સુત્ત ૨૫ )માં કહ્યું છે. પણ્હાવાગરણ ('સંવર'દાર)માં, તત્ત્વાર્થ સૂત્ર(અ. ૭)ના ભાષ્યમાં તેમ જ દિગંબરીય પાઠ પ્રમાણેના ત૦સૂ૦ (અ. ૭, સૂ. ૪–૮)માં આ ભાવનાઓ વિષે માહિતી અપાઈ છે.

ભાવનાના અર્થમાં જે 'અનુપ્રેક્ષા' શબ્દ સંસ્કૃતમાં અને અણુપ્પેહા તેમ જ 'અણુવેક્ખા' શબ્દ પાઇય (પ્રાકૃત)માં વપરાય છે તે બાર છે. એનાં નામ ત૦સૂ૦ (અ. ૯, સૂ. ૭) [1]વગેરેમાં જોવાય છે. કોઈ ઉપલબ્ધ આગમમાં બારનાં નામ એકસામટાં અપાયેલાં જણાતાં નથી. બાકી ઠાણ, સૂયગડ અને ઉત્તરજ્ઝયણ ઉપરથી આ નામો તારવી શકાય તેમ છે.[2]

આ પ્રમાણે ૨૫ ભાવના અને ૧૨ અનુપ્રેક્ષા ઉપરાંત નીચે મુજબની જે ચાર ભાવના છે તે જ અત્ર અભિપ્રેત છે અને તેને જ નાગોજી ભટ્ટે યોગદર્શન અંગેની પોતાની વૃત્તિમાં 'પરિકર્મ' તરીકે નિર્દેશી છે અને બૌદ્ધ સાહિત્યમાં 'બ્રહ્મવિહાર'ને નામે ઓળખાવાઇ છેઃ—

(૧) મૈત્રી, (૨) પ્રમોદ, (૩) કારુણ્ય અને (૪) માધ્યસ્થ્ય.

આ ચારનો એકસાથે ઉલ્લેખ કોઇ ઉપલબ્ધ આગમમાં તો જણાતો નથી. વિશેષમાં 'બ્રહ્મવિહાર' કે એના જેવું કોઈ નામ જૈનોના કોઈ પ્રાચીન અને પ્રૌઢ ગ્રંથમાં અપાયેલું જણાતું નથી. ત૦સૂ૦ (અ.૭,)ના નિમ્નલિખિત સૂત્રમાં મૈત્રી વગેરે ચાર ભાવનાનાં નામનો તેમ જ એના વિષયનો પણ નિર્દેશ છેઃ—

"मैत्री–प्रमोद–कारुण्य-माध्यस्थ्यानि सत्त्वगुणाधिकक्लिश्यमानाविनयेषु ॥ [1]६ ॥"

'પાતંજલ' યોગદર્શન( અ. ૧ )માંનું નીચે મુજબનું ૩૩મું સૂત્ર સંતુલનાર્થે હું રજૂ કરું છું:—

"मैत्रीकरुणामुदितोपेक्षाणां सुखदुःखपुण्यापुण्यविषयाणां भावनातश्चित्तप्रसादनम् ।३३।"

આ સુત્ર મૈત્રી વગેરે ચાર ભાવનાનાં નામ, એના વિષયો તેમ જ આ ભાવનાનું ફળ દર્શાવે છે. આ સુત્ર કારુણ્યને બદલે કરુણા, પ્રમોદને બદલે મુદિતા અને માધ્યસ્થ્યને બદલે ઉપેક્ષા એમ ત્રણ ભાવનાનાં નામાંતર પૂરાં પાડે છે. આ સુત્રમાં ચિત્તની પ્રસન્નતારૂપ ફળ દર્શાવાયું છે. ચિત્ત પ્રસન્ન થતાં ધ્યાન માટે યોગ્યતા પ્રાપ્ત થાય છે. 'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રસુરિએ યોગશાસ્ત્ર (પ્ર. ૪, શ્લો. ૧૧૭)માં કહ્યું છે કે ધ્યાનનો પ્રવાહ ચાલુ રાખવા માટે એટલે કે તૂટેલા ધ્યાનને અન્ય ધ્યાન સાથે જોડવા માટે મૈત્રી વગેરે

---

૧ આ સંબંધમાં જુઓ સટીક અનેકાન્તજયપતાકા (ખંડ ૨)નાં મારાં અંગ્રેજી ટિપ્પણો (Notes) (પૃ. ૩૩૮).
૨ જુઓ તત્ત્વાર્થસૂત્ર-જૈનાગમસમન્વય (પૃ. ૧૮૧-૧૮૨).

૧ દિગંબરીય પાઠ પ્રમાણેના ત૦સૂ૦માં આ ૧૧મું સૂત્ર છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાર ભાવનાઓ રસાયનરૂપ છે. આમ એમણે આ ચાર ભાવનાને ધ્યાન માટે ઉપયોગી કહી છે.

દુર્ગુણોનો નાશ કરવા માટે અને સદ્‌ગુણો મેળવવા તેમ જ કેળવવા માટેનું ઘણું ઉપયોગી સાધન તે મૈત્રી આદિ ચાર ભાવનાનું સેવન છે. આ ભાવનાઓને અંગે કોઈ સ્વતંત્ર જૈન ગ્રંથ સંસ્કૃત કે પ્રાકૃતમાં રચાયો હોય એમ જાણવામાં નથી. બાકી આવા કેટલાક જૈન ગ્રંથોમાં આ બાબત ઓછેવત્તે અંશે વિચારાયેલી નજરે પડે છે. આવા ગ્રંથો નીચે મુજબ છે:

**(૧) તત્ત્વાર્થસૂત્ર**—આ વિદ્યાવારિધિ ઉમાસ્વાતિએ સુત્રરૂપે સંસ્કૃતમાં રચેલી મનનીય કૃતિ છે. એના અ. ૭નું છઠ્ઠું સુત્ર અત્ર પ્રસ્તુત છે. આ **ત૦**સુ૦ ઉપર સંસ્કૃતમાં શ્વેતાંબરોએ તેમ જ દિગંબરોએ [1]ટીકાઓ રચી છે. ગુજરાતીમાં યશોવિજયે ટબ્બો રચ્યો છે. ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને જર્મનમાં અનુવાદો થયેલા છે. ગુજરાતી વગેરેમાં સ્પષ્ટીકરણો પણ યોજાયાં છે. કન્નડ(કાનડી)માં ટીકા પણ રચાઈ છે. આમ પુષ્કળ સાહિત્ય રચાયું છે.

**(૨) ષોડશક-પ્રકરણ**—આ સમભાવભાવી હરિભદ્રસૂરિએ રચ્યું છે. આના ઉપર યશોભદ્રસુરિનું વિવરણ, ન્યાયાચાર્યની વ્યાખ્યા અને એક અજ્ઞાતકર્તૃક ટીકા છે. ઉપાધ્યાય ધર્મસાગરે એક વૃત્તિ રચ્યાનું કહેવાય છે. પહેલા આઠ ષોડશકોના અધિકારોનો ગુજરાતીમાં અનુવાદ થયેલો છે. આ ષોડશક–પ્રકરણના ચતુર્થ ષોડશકનું નિમ્નલિખિત પદ્ય અત્ર અભિપ્રેત છે.

"परहितचिन्ता मैत्री परदुःखविनाशिनी तथा करुणा।
परसुखतुष्टिर्मुदिता परदोषोपेक्षणमुपेक्षा ॥१५॥"

આ મૈત્રી વગેરેનું એકેક લક્ષણ પૂરું પાડે છે.

**(૩) ધર્મબિન્દુ**—આ સમભાવભાવી હરિભદ્રસુરિએ રચ્યું છે. એના ઉપર મુનિચંદ્રસુરિએ વૃત્તિ રચી છે. આના તૃતીય અધ્યાયના (સુ. ૯૩)માં મૈત્રી વગેરે એમ કહ્યું છે. આ સુત્ર નીચે મુજબ છે:—

"सत्त्वादिषु मैत्र्यादि योगः"

**(૪) ઉપમિતિ ભવ પ્રપંચા કથા**—

આ અદ્વિતીય રૂપકાત્મક કથા સિદ્ધર્ષિએ વિ. સં. ૯૬૨માં રચી છે. આના થોડાક અંશનો જર્મનીમાં અને સમગ્રનો ગુજરાતીમાં ભાવાનુવાદ થયેલ છે. વળી આના સંક્ષેપરૂપે ત્રણેક કૃતિઓ રચાઇ છે. એના પીઠબંધરૂપ પ્રથમ પ્રસ્તાવ (પત્ર ૭૩ આ) માં નિમ્નલિખિત ઉલ્લેખ છે:—

"[1]तदङ्गीकृत्य जीवेन सत्त्वगुणाधिकक्लिश्यमानाविनेयेषु मैत्री–प्रमोद–कारुण्य-माध्यस्थ्यानि समाचरणीयानि भवन्ति"

**(૫–૬) સુભાષિત રત્ન સન્દોહ**–આ દિગંબર અમિતગતિ બીજાએ વિ. સં. ૧૦૫૦માં રચેલો ગ્રંથ છે. એની જીવસંબોધન–પંચવિંશતિકાના શ્લો. ૨૧માં તેમ જ એમણે રચેલ **સામાયિક–પાઠના** યાને **પરમાત્મદ્વાત્રિંશિકાના** આદ્ય પદ્યમાં ચાર ભાવનાનો ઉલ્લેખ છે.

**(૭) ભવભાવણા**—ઉવએસમાલા યાને પુપ્ફમાલા રચનારા 'મલધારી' હેમચન્દ્રસુરિએ આ કૃતિ રચી છે. એમાં પ્રસ્તુત ચાર ભાવનાઓ વિષે ઉલ્લેખ છે કે નહિ તેની તપાસ કરવી બાકી રહે છે.

**(૮) જ્ઞાનાર્ણવ**—આ દિ. આચાર્ય શુભચન્દ્રે ૨૦૭૭ પદ્યમાં રચેલો ગ્રંથ છે. એને યોગપ્રદીપ તેમજ યોગાર્ણવ પણ કહે છે. એમાંથી આશાધરે અવતરણ આપ્યાં છે. આ જ્ઞાનાર્ણવ ઉપર ત્રણ ટીકા છે. એના ૨૭માં પ્રકરણમાં ધર્મધ્યાનના નિરૂપણ પ્રસંગે શ્લો. ૪–૧૪માં પ્રસ્તુત ચાર ભાવનાનું નિરૂપણ છે.

---

૧ આની નોંધ મેં **ત૦**સૂ૦ના સિદ્ધસેનગણિકૃત ટીકા સહિતના પ્રથમ વિભાગની મારી સંસ્કૃત પ્રસ્તાવના (પૃ. ૧૬–૧૮)માં લીધી છે. (જિનરત્નકોશ (વિ. ૧, પૃ. ૧૫૪–૧૫૭)માં પણ નોંધ છે.

૧. અહીં 'तद्'થી સમ્યગ્દર્શન સમજવાનું છે. આમ હોઈ મૈત્રી વગેરે ચાર ભાવના ભાવવાના અધિકારી ચતુર્થ ગુણસ્થાનકે તો આરૂઢ થયેલા જ હોવા જોઈએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૯) **યોગશાસ્ત્ર**—આ 'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રસુરિની રચના છે. એના ચતુર્થ પ્રકાશના શ્લો. ૧૧૭–૧૨૨ મૈત્રી વગેરે ચાર ભાવનાને લગતા છે. આ યોગશાસ્ત્ર ઉપર સ્વોપજ્ઞ વ્યાખ્યા છે. એના ઉપર અમરપ્રભસુરિએ વૃત્તિ, કોઈ કે અવચૂરિ, ઇન્દ્રસૌભાગ્યગણિએ વાર્તિક, સોમસુન્દરસુરિએ તથા મેરુસુન્દરગણિએ એકેક બાલાવબોધ તેમ જ કોઈ કે ટીકા–ટિપ્પણ રચેલાં છે. મૂળનો ગુજરાતી અનુવાદ કરાયો છે અને એ છપાવાયો છે.

(૧૦) **વીતરાગ સ્તોત્ર**—આ 'કલિ૦' હેમચન્દ્રસુરિએ રચ્યું છે.×××એના તૃતીયા પ્રકાશનું નીચે મુજબનું પંદરમું પદ્ય અત્ર અભિપ્રેત છે:—

" मैत्रीपवित्रपात्राय मुदितामोदशालिने ।
कृपोपेक्षाप्रतीक्षाय तुभ्यं योगात्मने नमः ॥१५॥ "

આ વીતરાગસ્તોત્ર ઉપર પાંચેક ટીકા અને ત્રણ અવચૂરિ છે. વળી આના ગુજરાતીમાં અનુવાદો થયેલા છે.

(૧૧) **અધ્યાત્મકલ્પદ્રુમ**—આ મુનિસુન્દરસૂરિની કૃતિ છે. એના ઉપર બે ટીકા, એક ટિપ્પણ અને એક બાલાવબોધ છે. આનો વિવેચનપૂર્વક ગુજરાતીમાં અનુવાદ કરાયેલો છે. એના આદ્ય અધિકારના શ્લો. ૮–૧૬માં મૈત્રી વગેરે ચાર ભાવનાનું નિરૂપણ છે. ૧૨મો શ્લોક ષોડશક–પ્રકરણમાંથી અને શ્લો. ૧૩–૧૬ યોગશાસ્ત્રમાંથી અહીં અપાયાં છે, જો કે એ અન્ય કર્તૃક હોવાનું ગ્રંથકારે કહ્યું નથી. 'ખરતર' ગચ્છના રંગવિલાસે વિ. સં. ૧૭૭૭માં અધ્યાત્મકલ્પદ્રુમને અંગે ચોપાઇ રચી છે. એમાં આ ભાવનાને અંગે ગુજરાતીમાં પદ્યો છે.

(૧૨) **શાન્તસુધારસ**—આ વૈયાકરણ વિનયવિજયગણિએ વિ. સં. ૧૭૨૩માં પદ્યમાં રચ્યો છે. એમાં અનિત્યાદિ બાર ભાવનાના નિરૂપણ બાદ મૈત્રી વગેરે ચાર ભાવનાનું વર્ણન કરાયું છે. એમાં મૈત્રી, પ્રમોદ, કારુણ્ય, અને માધ્યસ્થને અંગે અનુક્રમે ૧૬, ૧૫, ૧૫ અને ૧૩ પદ્યો છે. [1]એકંદરે ૫૯ પદ્યો છે પ્રસ્તુત કૃતિ ઉપર ગંભીરવિજયજીની સંસ્કૃતમાં ટીકા છે, અને મોતીચંદ ગિ. કાપડિયાએ ગુજરાતીમાં કરેલું સવિવેચન ભાષાંતર છે. સ્વ. મનઃસુખભાઇ કીરતચંદ મહેતાએ પણ ગુજરાતીમાં અનુવાદ અને વિવેચન લખ્યાં છે, એ મૂળ કૃતિ સહિત "શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાન પ્રચારક ટ્રસ્ટ" તરફથી વીર સંવત ૨૪૮૫માં પ્રસિદ્ધ કરાયેલ છે.

(૧૩) **દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા**—આ ન્યાયાચાર્ય યશોવિજયગણિએ રચી છે અને એને અર્થદીપિકા નામની સ્વોપજ્ઞ વૃત્તિ વડે વિભૂષિત કરી છે. એની યોગ–દ્વાત્રિંશિકા નામની ૨૬મી દ્વાત્રિંશિકાના શ્લો. ૭માં "મૈત્ર્યાદિ"નો ઉલ્લેખ છે, જ્યારે યોગભેદદ્વાત્રિંશિકા નામની ૧૮મી દ્વાત્રિંશિકામાં યોગના પાંચ અંગ પૈકી 'અધ્યાત્મ'ને અંગેના નિરૂપણ પ્રસંગે શ્લો. ૨–૭માં ચાર ભાવના અને એ પ્રત્યેકના ચચ્ચાર પ્રકારો વિષે માહિતી અપાઈ છે......૩, શ્લો. ૩–૬ની સ્વોપજ્ઞ વૃત્તિમાં કોઈ કૃતિમાંથી એકેક અવતરણ અપાયું છે. એને લક્ષ્યમાં રાખી શ્લો. ૩–૬ રચાયા છે. આ અવતરણો નીચે મુજબ છે:—

"उपकारिस्वजनेतरसामान्यगता चतुर्विधा मैत्रीति; मोहासुखसंवेगान्यहितयुता चैव करुणेति; सुखमात्रे सद्धेतावनुबन्धयुते परे च मुदिता तु; करुणानुबन्धनिर्वेदतत्त्वसारा ह्युपेक्षेति"

(૧૪) [3]**ભાવનાશતક**—આ સ્થાનકવાસી[2] રત્નચન્દ્રની રચના છે. એમણે આ પુસ્તકમાં પરિશિષ્ટ તરીકે મૈત્રી વગેરે ચાર ભાવનાને અંગે સંસ્કૃતમાં આઠ આઠ પદ્યો રચ્યાં છે. આમાં પદ્યાર્થ અને વિવેચન ગુજરાતીમાં છે.

(૧૫) **ચાર સજ્ઝાય**—આગમોદ્ધારક આનંદસાગરસુરિજીએ મૈત્રી વગેરે ચાર ભાવનાઓ પૈકી

૧. આદ્ય પદ્યમાં મૈત્રી વગેરે ચાર ભાવનાને 'પરાભાવના' કહી છે. મો. ગિ. કાપડિયાએ પોતાના વિવેચન (પૃ. ૧૬૩)માં એનો "યોગભાવના" અને 'અનુસંધાનભાવના' તરીકે નિર્દેશ કર્યો છે.

૨. પ્રત્યેક ભાવનાને અંગે આઠ આઠ પદ્યનું યોજાયાં છે. એ ૮×૪=૩૨ પદ્યો અહીં ગણી લેવાયા છે.

૩. આ પુસ્તક વૃંદાવન દયાલે ઇ. સ. ૧૯૧૭માં પ્રકાશિત કર્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રત્યેકને અંગે ગુજરાતીમાં પદ્યમાં એકેક સજ્ઝાય રચી છે. મૈત્રીની સજ્ઝાયના પ્રારંભમાં બે દૂહા છે અને ત્યાર બાદ આઠ કડીની ‘ કડખા ’ની દેશીમાં રચાયેલી એક ઢાલ છે. ‘પ્રમોદ’ ભાવનાની શરૂઆત પણ બે દૂહાથી કરાઇ છે. પછી ૧૫ કડી છે. ‘ કારુણ્ય ’ ભાવનાને અંગે ૧૩ કડી અને માધ્યસ્થને અંગે ૧૫ કડી રચાઈ છે, આમ એકંદર ૧૦+૧૭ +૧૩+૧૫=૫૫ કડી છે. આ ચારે સજ્ઝાય “ આરાધના માર્ગ ( ભાવાર્થ સહિત ) ભા. ૧ તથા સ્તવન –સજ્ઝાય સંગ્રહ ”માં પૃ. ૨૫–૩૨ માં છપાવાઈ છે. ઉપર્યુક્ત ચૌદ કૃતિઓમાં ચાર ભાવના માટેનું નિરૂપણ આનુષંગિક છે, જ્યારે આ સજ્ઝાયો સ્વતંત્ર રચનારૂપ છે.

**(૧૬) સમાધિબોધ**–ફૂલચંદ હીરાચંદ મહેતાએ આ સમાધિબોધ નામનું નાનકડું [1]પુસ્તક ગુજરાતીમાં રચ્યું છે. એમાં એમણે મૈત્રી વગેરે ભાવનાને લક્ષીને ૨, ૨, ૫ અને ૪ દોહરા રચી અન્ય ત્રણ દોહરા દ્વારા સમાપ્તિ કરી છે. એમાંનું ઉપાંત્ય પદ્ય નીચે મુજબ છે.

“ સીડી મોક્ષ દુવારની કહી ભાવના બાર,
અવલંબન દોરી થશે ભાવ ભાવના ચાર. ”

એમણે મોક્ષને મહેલ કહી અનિત્યાદિ બાર ભાવનાને એ મહેલે ચડવાની સીડીનાં બાર સોપાન યાને પગથિયાં ગણ્યાં છે અને સીડી ઉપર ચઢતાં પડી ન જવાય તે માટે દોરીનો આધાર જોઈએ એટલે ઉપર્યુક્ત ચાર ભાવનાને ‘ દોરી ’ કલ્પી છે.

**(૧૭) [2]ધર્મબીજ**—આ મૈત્રી વગેરે ચાર ભાવનાને લગતું ગુજરાતીમાં રચાયેલું પુસ્તક છે એના કર્તાએ પોતાનું નામ ‘ [3]અનાહત્ત ’ આપ્યું છે. મંગળાચરણ તરીકે વીતરાગ સ્તોત્ર ( પ્ર ૩ )નું ૧૫ મું પદ્ય અપાયું છે.

આ [1]પુસ્તકના લગભગ પ્રારંભમાં “ આત્મિક ગુંજારવ”ના શીર્ષકથી “ મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું”થી શરૂ થતી ચાર કડી ગુજરાતીમાં અપાઈ છે. એના પછી પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજીગણિએ લખેલા ઉપોદ્ઘાત તેમજ ‘ પવિત્રતાનો સંદેશ ’ અપાયા છે.

ચારે ભાવનાનો સંક્ષિપ્ત પરિચય ચૌદેક વિગતોના નિર્દેશપૂર્વક તે તે ભાવનાના નિરૂપણના અંતમાં અપાયો છે. ચાર ભાવનાના અંગે આવું સ્વતંત્ર ગુજરાતી પુસ્તક અન્ય કોઇ હોય તો તે જાણવામાં નથી.

**(૧૮) [2]પ્રજ્ઞાવબોધ**—આ ગુજરાતી કાવ્યના રચનાર સ્વ. ‘ બ્રહ્મચારીજી ’ ગોવર્ધનદાસજી છે. આમાં [3]૧૦૮ કવિતા છે. તેમાંની છટ્ઠી કવિતાનું શીર્ષક “ મૈત્રી આદિ ચાર ભાવના ” છે, એમાં એકંદર બત્રીસ કડી છે. પ્રત્યેક ભાવનાને અંગે છ છ કડી છે અને અંતમાં ઉપસંહાર તરીકે આઠ કડી છે. આ ‘ કૂચ ગીત ’ની ઢબે રચાયેલી કવિતા છે અને મુક્તિપુરી તરફ કૂચ કરવા ઇચ્છનારને તે માટેની પ્રેરણા જગાવે તેમ છે.

આમ અહીં મેં ચાર ભાવનાને અંગે સ્વતંત્ર તેમજ પ્રસંગોપાત નિરૂપણરૂપે રચાયેલી ૧૮ કૃતિ-

---

૧. આ પુસ્તક અમરચંદ કાનજી મોરબીવાળાએ ઇ. સ. ૧૯૨૭ માં છપાવ્યું છે.

૨. આ પુસ્તક હીરાલાલ મણીલાલ શાહે અમદાવાદથી વિ. સં. ૨૦૧૪ માં પ્રકાશિત કર્યું છે.

૩. આ શ્રી વિજયપ્રેમસૂરિજીના પ્રશિષ્ય અને પંન્યાસશ્રી ભાનુવિજયજીગણિના શિષ્ય મુનિશ્રી તત્ત્વાનંદવિજયજી છે.

૧. આ પુસ્તક આ લેખ લગભગ લખાઈ ગયા બાદ હમણાં જ થોડા કલાક પૂરતું મને પંન્યાસશ્રી નિપુણમુનિજીના પ્રશિષ્ય અને શ્રી ચિદાનંદ મુનિજીના શિષ્ય શ્રી મૃગેન્દ્રમુનિ પાસે જોવા મળ્યું હતું; બાકી અત્રે એની ખબર ન હતી. આ પુસ્તક તો ભેટ અપાય છે. જો એમ જ હોય તો મને એનો લાભ મળી શકશે ખરો ?

૨. આ પુસ્તક “ શ્રીમદ્ રાજચન્દ્ર મુમુક્ષુ મંડળ ” તરફથી અગાસથી “ શ્રી લઘુરાજ–સ્મારક ગ્રંથમાળા ”ના સાતમા પુષ્પ તરીકે ઈ. સ. ૧૯૫૫ માં છપાવાયું છે. એ મને ડૉ. પી. વી. શાહ પાસે જોવા મળ્યું હતું.

૩. કેટલીક કવિતા એક કરતાં વધારે ભાગમાં વિભક્ત કરાઈ છે. એ દરેક વિભાગને સ્વતંત્ર ક્રમાંક અપાયો છે, આમ હોઈ વિષયોની સંખ્યા તો ૧૦૮ કરતાં ઓછી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઓની નોંધ લીધી છે. તેમાં જેનો ઉલ્લેખ કરવો રહી જતો હોય તેનાં નામ વગેરે કોઈ જણાવશે તો તેનો સાભાર નિર્દેશ કરાશે.

**યોજના**—ઉપર્યુક્ત ચાર ભાવનાનું મહત્ત્વ જોતાં આ સંબંધમાં એક પુસ્તક રચવાની મને ઇચ્છા થાય છે. એ મૂર્તસ્વરૂપ ધારણ કરે તે દરમ્યાનમાં એને અંગે એક યોજના હું અહીં રજૂ કરું છું. આ પુસ્તક ત્રણ ખંડમાં વિભક્ત કરવું. પ્રથમ ખંડમાં સૌથી પ્રથમ જે જૈન કૃતિઓમાં ચાર ભાવના પરત્વે સંસ્કૃત અને પ્રાકૃતમાં નિરૂપણ હોય તેને લગતા પાઠો વિશિષ્ટ વિવરણપૂર્વક કાલાનુક્રમે આપવા. ત્યારબાદ 'પાતંજલ' યોગદર્શન જેવા માટે તેમ કરવું. અંતમાં 'બ્રહ્મવિહાર' સંબંધી બૌદ્ધ સાહિત્યમાંથી પાઠો આપવા. આ પ્રમાણે સંસ્કૃત–પ્રાકૃત લખાણ અપાયા બાદ આ લેખમાં નોંધેલી ચાર સજ્ઝાયો તેમજ ભાવનાને લગતી અન્ય ગુજરાતી રચનાઓને સ્થાન આપવું.

દ્વિતીય ખંડમાં પ્રત્યેક ભાવનાને લગતો એકેક નિબંધ પ્રથમ ખંડગત નિરૂપણના દોહનરૂપે ગુજરાતીમાં લખવો.

તૃતીય ખંડમાં જેમણે આ ભાવના જીવી બતાવી હોય તે મહાનુભાવોનાં સંક્ષિપ્ત ચરિત્ર આપવાં.

ત્રણે ખંડને લક્ષીને ઉપોદ્ઘાત લખીને તેમ જ [1]ત્રણ પરિશિષ્ટો યોજીને આ પુસ્તકને સાંગોપાંગ બનાવવું.

આ પુસ્તક પ્રકાશિત થતાં તજ્જ્ઞોને અભિપ્રાયાર્થે તેમ જ વિશિષ્ટ કોટિના સામયિકો ઉપર સમાલોચનાર્થે મોકલવું અને એમાં જો કોઇ ત્રુટિ દર્શાવાય તો તે ઉપર પૂર્ણ વિચાર કરી દ્વિતીય ખંડ તથા ઉપોદ્ઘાતાદિ હિન્દીમાં તૈયાર કરવો. અને ઉપર્યુક્ત પ્રથમ ખંડ સહિત એ પુસ્તક પ્રસિદ્ધ કરવું. એને અંગે મહત્ત્વની સૂચનાઓ મળે તો તેનો લાભ લઈ હિન્દી લખાણને બદલે અંગ્રેજી લખાણ તૈયાર કરવું. આમ ત્રણ કટકે ત્રણ જાતનાં પુસ્તકો તૈયાર કરી જેમ બને તેમ ઓછી કિંમતે પુસ્તકો વેચાય અને બને ત્યાં સુધી ભેટ અપાય તેમ કરી આ ચાર ભાવનાના સાહિત્યનો જગતભરમાં પ્રચાર કરવો કે જેથી ધીરે ધીરે પણ સમુચિત રીતે આજકાલનું કલુષિત વાતાવરણ સુધરે અને નિમ્નલિખિત ભાવનાવાળું માનસ ઘડાય તેવો સુવર્ણયુગ રચાય;—

"मित्ती मे सव्वभूएसु वेरं मज्झ न केणइ"

"शिवमस्तु सर्वजगतः परहितनिरता भवन्तु भूतगणाः ।
दोषाः प्रयान्तु नाशं सर्वत्र सुखी भवतु लोकः ॥"

१. પ્રથમ પરિશિષ્ટમાં ગ્રંથકારો અને ગ્રંથોનાં નામની સૂચી, દ્વિતીયમાં પારિભાષિક શબ્દોની સૂચી અને ત્રીજામાં ચાર ભાવનાના પ્રકારો ઉપર પ્રકાશ પાડનારા જ્વલંત ઉદાહરણોની સૂચી આપવી.


## भारत पर भगवान महावीर का असीम उपकार

(संत विनोबा का एक मननीय प्रवचन)

प्रकाशक :

दशपुर–साहित्य–संवर्धन–संस्थान, मन्दसौर (मध्यप्रदेश)

मूल्य ४० नया पैसा



**ભેટ મળશે**

**છંદ કલ્યાણમંદિર** નામની બુક ટપાલ ખર્ચના ૧૦ પૈસા મોકલવા.

સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ
**માલેગામ** (નાસિક)

**આઠ દૃષ્ટિની સજ્ઝાય વિવેચન**ની બુક ભેટ આપવાની છે. ટપાલ ખર્ચ ૧૫ પૈસા મોકલવા.

ડૉ. વલભદાસ નેણશીભાઈ
મહેન્દ્ર ચોક,
**મોરબી** (સૌરાષ્ટ્ર)


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. G 50

# આગમોની અદીર્ઘ રૂપરેખા ( લેખાંક : ૧ )

આલેખક : પ્રા. નર્મદાશંકર શાસ્ત્રી, એમ.એ., સાહિત્યાચાર્ય, ભાવનગર.

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની સમુદિત આરાધના કરવા રૂપ મોક્ષમાર્ગને યથાર્થ સ્વરૂપે જણાવનારા પિસ્તાલીસ આગમો છે. આ આગમોને ભવ્ય જીવોને વિસ્તારથી સમજાવવા માટે પણ અનેક પ્રાકૃતગ્રન્થોની રચના થયેલ છે, પરન્તુ આ લઘુકાય નિબંધમાં ૪૫ આગમોની ટુંકમાં ટુંકી હકિકત રજુ કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે, જેના દ્વારા તે તે આગમોમાં કેટલા પ્રકરણો અને કયા કયા વિષયો આવે છે તેનું વાચકને જ્ઞાન થાય તે જ મુખ્ય હેતુ છે. વર્તમાન સમયમાં જે આગમો ઉપલબ્ધ થાય છે તે પ્રભુ મહાવીરસ્વામીના ઉપદિષ્ટ છે. તેઓએ જે કહ્યું તેને ગણધરોએ ગ્રંથરૂપે ગુંથ્યું. અર્થાગમ તિર્થંકરોને હોય છે અને શબ્દ શરીરની રચના ગણધરો કહે છે. આને દ્વાદશાંગી કહેવાય છે. આ બાર અંગોમાં છેલ્લુ–બારમું અંગ દ્રષ્ટિવાદ છે જે હાલમાં સર્વથા અનુપલબ્ધ છે અર્થાત્ વિચ્છેદ ગયું છે. આ પ્રમાણે બાર ઉપાંગ, દસ પ્રકીર્ણગ્રન્થ, છ છેદ સૂત્ર ચાર મૂળગ્રન્થ અને સ્વતંત્ર સૂત્ર એમ કુલ પિસ્તાલીસ આગમો થાય છે જેના સંસ્કૃતમાં નામ આ પ્રમાંણે છે.

૧૨ અંગ—આચારાંગ, સૂત્રકૃતાંગ, સ્થાનાંગ, સમવાયાંગ, ભગવતીસૂત્ર, જ્ઞાતાધર્મકથા, ઉપાસકદશાંગ, અંતકૃતદશાંગ, અનુત્તરૌપપાતિક સૂત્ર, પ્રશ્નવ્યાકરણ, વિપાકસૂત્ર અને દ્રષ્ટિવાદ.

૧૨ ઉપાંગ—ઔપપાતિક, રાજપ્રશ્નીય, જીવાભિગમ, પ્રજ્ઞાપના, સૂર્યપ્રજ્ઞપ્તિ, જમ્બુદ્વીપપ્રજ્ઞપ્તિ, નિરયાવલિકા, કલ્પાવતંસિકા, પુષ્પિકા, પુષ્પચુલિકા અને વૃષ્ણિદશા.

૧૦ પ્રકીર્ણગ્રન્થ–ચતુઃશરણ, આતુરપ્રત્યાખ્યાન, ભક્તિપરિજ્ઞા, સંસ્તારક તંદુલવૈ, ગણિવિદ્યા, ચારિક મહાપ્રત્યાખ્યાન, મરણ સમાધિ, ગચ્છાચાર અને દેવેન્દ્રસ્તવ.

૬ છેદ સૂત્ર—નિશીથ, કલ્પ, વ્યવહાર, મહાનિશીથ અને દશાશ્રૂતસ્કંધ.

૪ મૂળગ્રન્થ—આવશ્યક, ઉત્તરાધ્યયન, દશવૈકાલિક અને ઓઘનિયુક્તિ.

૨ સ્વતંત્રગ્રન્થ—નન્દીસૂત્ર તથા અનુયોગદ્વાર.

એટલી બાબત અવશ્ય ધ્યાનમાં રાખવી જરૂરી છે કે એક પણ પદાર્થનો પૂરેપૂરો સંગીન બોધ વિવક્ષિત પદાર્થથી અલગ એવા તમામ પદાર્થોનું સ્વરૂપ ધ્યાનમાં લીધા સિવાય ન જ થઈ શકે માટે શ્રી આચારાંગ સૂત્રમાં કહ્યું છે કે—

जे एगं जाणइ, से सव्वं जाणइ ।
जे सव्वं जाणइ से एगं जाणइ ॥

આ પ્રમાણે અન્યત્ર પણ કહેલ છે કે—

"एगो भाव: सर्वथा येन द्रष्ट: सर्वे भावा: सर्वथा तेन द्रष्टा:"

આથી જ દરેક સૂત્રનું યથાર્થ રહસ્ય સમજવા માટે શ્રી ગીતાર્થ મહાપુરૂષોની સહાય લેવી જરૂરી છે, કારણ કે કયા સૂત્રનો કયા સૂત્રની સાથે સંબંધ છે? આ નિર્યુક્તિના રહસ્યને તથા તેને અનુક્રમે સ્પષ્ટ રીતે સમજાવનારા ભાષ્ય, ચૂર્ણિ અને ટીકાના રહસ્યને તેઓ જ જાણી શકે છે. સ્વતંત્ર અભ્યાસ કરવાથી તો જરૂર વિપરીત બોધ થાય છે અને તેમ થાય તો ભવભ્રમણ વધે છે. માટે જ શ્રી વ્યવહાર સૂત્ર તથા પાક્ષિક સૂત્ર ટીકાદિમાં સાધુઓને અધ્યયન કરાવવા માટે ખાસ જરૂરી દીક્ષા પર્યાયનો સમય જણાવ્યો છે તે યોગ્ય જ છે તેથી તે તે સમયમાં સૂત્રાર્થરૂપી બીજ વાવવા માટે આત્મારૂપી ક્ષેત્રને નિર્મલ બનાવનારી તથા મનરૂપ મર્કટને વશ કરાવનારી અને અધ્યાત્મ ભાવનાને ટકાવનારી તેમજ સંયમની આરાધનામાં અપૂર્વ મદદગાર એવી પવિત્ર યોગોદ્વહનની ક્રિયા કરાવીને ધીર એવા શ્રી આચાર્યાદિ મહાપુરૂષો તે તે સૂત્રની વાચના આપે છે.

૧ આચારાંગસૂત્ર—આ અંગમાં મુનિઓના આચારનું વર્ણન વધારે પ્રમાણમાં કરવામાં આવ્યું છે. બારઅંગોમાં આ સૂત્ર પહેલું કહ્યું છે અને તે યોગ્ય જ છે કારણ કે મોક્ષમાર્ગની આરાધનામાં

( અનુસંધાન ટાઇટલ પેજ ૨ જું )

પ્રકાશક : દીપચંદ જીવણલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર
મુદ્રક : ગીરધરલાલ ફુલચંદ શાહ, સાધના મુદ્રણાલય–ભાવનગર

For Private And Personal Use Only